सत्यमेव जयते

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
સચિવાલય, ગાંધીનગર,
તા.૨૦/૦૧/૨૦૨૧

//અધિસૂચના//

ક્રમાંક: આઈસીડી/૧૦૨૦૧૯/૩૬૮૯/બ૧(પા.ફા.૧)

ગુજરાત જાહેર સેવા આયોગના તા.૨૯/૦૬/૨૦૨૦ ના પત્ર ક્રમાંક: આરટીસી/૨૦૧૭/૨૭૧૨/આર-૫/ભાગ-૨ અને તા.૨૭/૧૧/૨૦૨૦ના પત્ર ક્રમાંક: આરટીસી/૨૦૧૭/૨૭૧૨/આર-૫/ભાગ-૨ થી જાહેરાત ક્રમાંક: ૫૩/૨૦૧૮-૧૯ અન્વયેની બાળ વિકાસ યોજના અધિકારી (મહિલા), સામાન્ય રાજ્ય સેવા, વર્ગ-૨ની જગ્યા માટે આયોગ દ્વારા પ્રસિદ્ધ કરેલ પ્રતીક્ષાયાદીમાંથી અનુક્રમે ૦૧ (એક) અને ૦૨ (બે) ઉમેદવારોના નામની ભલામણ કરવામાં આવેલ છે, જે અન્વયે નીચે દર્શાવેલ કોષ્ટક મુજબ તેઓને તદ્દન હંગામી અને કામચલાઉ ધોરણે અજમાયશી બાળ વિકાસ યોજના અધિકારી (વર્ગ-૨) તરીકે વિગતવાર નિમણૂક આપવામાં આવે છે:

| ક્રમ | ઉમેદવારનું નામ | કેટેગરી | બાળ વિકાસ યોજના અધિકારી તરીકેની નિમણૂકનું સ્થળ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | સુશ્રી સોનલબેન પંકજભાઇ ગામિત | ST | વઘઇ, જિ.ડાંગ |
| ૨ | સુશ્રી હેતલબેન ભરતલાલ દુધરેજીયા | GEN | અર્બન-૨, ભાવનગર (કોર્પો.) |
| ૩ | સુશ્રી કલ્પનાબેન ગણેશભાઇ ચૌહાણ | SC | જેસર, જિ.ભાવનગર |

૨. ઉક્ત અજમાયશી બાળ વિકાસ યોજના અધિકારીની નિમણૂક નીચેની શરતોને આધીન રહેશે:

શરતો:

(૧) સંબંધિત ઉમેદવારે આ અધિસૂચનાની તારીખથી ૩૦ દિવસની મુદતમાં તેમની નિમણૂકની જગ્યાએ હાજર થવાનું રહેશે. હાજર થવામાં વધુ મુદત જરૂરી જણાય તો જરૂરી કારણો સહિત મુદત વધારા અંગે લેખિત રજૂઆત મહિલા અને બાળ વિકાસ વિભાગને કરવાની

રહેશે. મંજુર કરવામાં આવેલ મુદત વધારા બાદ પણ જો કોઈ ઉમેદવાર નિમણૂકની કચેરી ખાતે હાજર થવામાં નિષ્ફળ જશે તો તેઓના નિમણૂકના હુકમો રદ કરવામાં આવશે.

(૨) તેઓની આ નિમણૂક ઉપર કોલમ-૪માં જણાવેલ જગ્યાએ હાજર થયાની તારીખથી બે વર્ષની મુદત માટે અજમાયશી ધોરણે કરવામાં આવે છે. અજમાયશી મુદત દરમ્યાન બાળ વિકાસ યોજના અધિકારીના રૂ.૪૪,૯૦૦/- થી ૧,૪૨,૪૦૦/- ના પગારધોરણમાં ન્યૂનત્તમ તબક્કે તથા નિયમાનુસાર અન્ય ભથ્થાં મળવાપાત્ર થશે. અજમાયશી/તાલીમની સમગ્ર મુદત દરમ્યાન કોઈ ઈજાફો મળવાપાત્ર થશે નહિ. અજમાયશી મુદત સંતોષકારક રીતે પૂરી થયેથી તેમને નિયમિત ધોરણે બાળ વિકાસ યોજના અધિકારી તરીકે નિમણૂક આપતા હુકમો કરાશે. જે હુકમો થયા બાદ જ તેમને સામાન્ય દરે ઈજાફો આપવામાં આવશે.

(૩) અજમાયશી સમય દરમ્યાનની તેમની સેવા સંતોષકારક નહિ જણાય તો અજમાયશી સમય દરમ્યાન કોઈપણ નોટીસ આપ્યા વગર તાત્કાલિક અસરથી તેમની નોકરીનો અંત લાવવામાં આવશે. આમ, અજમાયશી સમયની સેવા તદ્દન હંગામી અને કામચલાઉ ગણાશે. જરૂર જણાયે અજમાયશી સમયની મુદત વધારવામાં આવશે, જેના અલગ હુકમ કરાશે.

(૪) તેઓએ સામાન્ય વહીવટ વિભાગના તા.૧૬/૦૧/૬૯ અને તા.૧૨/૦૧/૭૦ના પરિપત્ર ક્રમાંક:પીએસી/૧૦૬૮/જી તેમજ સામાન્ય વહીવટ વિભાગના તા.૧૯/૦૯/૧૬ના ઠરાવ ક્રમાંક:વીસીએ/૧૦૨૦૧૬/ ૪૨૯૫૪૭/ગ.૨ની જોગવાઇ અનુસાર સંબંધિત સત્તાધિકારીઓ પાસેથી મેળવવાના રહેતા ચારિત્ર્ય, વર્તણૂક અને પૂર્વવૃત્તાંત પ્રમાણપત્ર તથા ગુજરાત મુલ્કી સેવા (નોકરીની સામાન્ય શરતો) નિયમો-૨૦૦૨ના નિયમ-૧૧ મુજબ તબીબી પ્રમાણપત્ર નિયમાનુસાર રજુ કરવાના રહેશે. આ પ્રમાણપત્રોમાં તેઓની વિરૂધ્ધ નહિ હોવાની શરતે તેમજ શારીરિક યોગ્યતાનું પ્રમાણપત્ર બે મહિનામાં રજુ કરવાની શરતને આધીન રહીને તેમને તદ્દન હંગામી અને કામચલાઉ ધોરણે જ આ અજમાયશી નિમણૂક આપવામાં આવે છે. આ અંગેની લેખિત બાહેધરી તેઓએ તેમના નિમણૂકના જિલ્લામાં હાજર થતા પહેલાં તે જિલ્લાને તથા મહિલા અને બાળ વિકાસ વિભાગને આ સાથે બિડેલ બાંહેધરી પત્રકમાં આપવાની રહેશે.

(૫) અજમાયશી અધિકારીએ પોતાના અજમાયશી મુદત દરમ્યાન બિન રાજયપત્રિત અધિકારી પૂર્વ સેવા તાલીમ અને પરીક્ષા નિયમો, ૧૯૭૦ ની જોગવાઇઓ અનુસાર પૂર્વ સેવા તાલીમ લેવાની રહેશે અને પૂર્વ સેવા તાલીમાંત પરીક્ષા નિયત તકો અને નિયત સમયમર્યાદામાં પાસ કરવાની રહેશે. અજમાયશી સમય સંતોષકારક રીતે પૂર્ણ કર્યા બાદ તથા પૂર્વ સેવા તાલીમાંત પરીક્ષા પાસ કર્યા બાદ જ તેઓને બાળ વિકાસ યોજના અધિકારી સંવર્ગમાં નિયમિત રીતે નિમણૂક મળવાપાત્ર થશે.

જો તેઓ નિયમો હેઠળ ઠરાવેલી ઉક્ત પરીક્ષા નિયત તકમાં પાસ કરી શકશે નહિ તો તેમની સેવા કોઈપણ જાતની નોટીસ આપ્યા વિના સમાપ્ત કરવામાં આવશે, તે શરત કબૂલ મંજૂર છે તેમ જાણી સમજીને તેઓ નિમણૂક સ્વીકારે છે, તે મતલબની લેખિત બાંહેધરી તેઓએ

તેમના નિમણૂકના જિલ્લામાં હાજર થતાં પહેલાં આ સાથે બીડેલ બાંહેધરી પત્રક મુજબ વિભાગને આપવાની રહેશે.

(૬) તેઓએ ગુજરાત મુલ્કી કોમ્પ્યુટર કૌશલ્ય તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઇઓ અનુસાર અજમાયશી સમય દરમિયાન સીસીસી પ્લસની પરીક્ષા પાસ કરવાની રહેશે. અજમાયશી સમય દરમ્યાન જો તેઓ આ પરીક્ષા પાસ નહિ કરે તો તેઓનો નિયમાનુસાર અજમાયશી સમય લંબાવી શકાશે અને આ લંબાવેલ સમય દરમ્યાન પણ તેઓ જો આ પરીક્ષા પાસ નહિ કરે તો તેમની સેવા સમાપ્ત કરવામાં આવશે અને ઉક્ત પરીક્ષા પાસ કર્યેથી તેઓને સેવામાં પરત લેવામાં આવશે, તે મતલબની લેખિત બાંહેધરી તેઓએ તેમના નિમણૂકના જિલ્લામાં હાજર થતાં પહેલાં આ સાથે બિડેલ બાંહેધરીપત્રક મુજબ આપવાની રહેશે.

(૭) તેઓએ તેમના નિમણૂકના જિલ્લામાં હાજર થતી વખતે આ સાથે બિડેલ જામીનખતના નિયત નમૂનામાં લેખ / કરાર કરવાનો રહેશે. જે કરાર પ્રમાણે તેઓ (ક) ઠરાવેલો તાલીમ અભ્યાસક્રમ પૂરો કરી ન શકે અથવા (ખ) સેવા પૂર્વેની પરીક્ષામાં બેસી ન શકે અથવા (ગ) સરકારને સંતોષ થાય એ રીતે અજમાયશી નિયમોની જોગવાઈ પૈકી કોઈ જોગવાઈ પૂરી કરી ન શકે અથવા (ઘ) અજમાયશી મુદત સહિત મૂળ નિમણૂકની તારીખથી ૩ વર્ષની મુદત પુરી થયા પહેલા સેવા છોડી દે તો સરકારે તેઓને આપેલી તાલીમના ખર્ચ ઉપરાંત અજમાયશી તરીકે તેમની નિમણૂકને પરિણામે તેમની તાલીમની મુદત દરમ્યાન સરકારે ચુકવેલ પગાર અને ભથ્થાં પરત કરવા તેઓ અને તેમના જામીનો સંયુકત અને અલગ રીતે બંધાયેલા રહેશે, અને પરત કરવામાં નહી આવેલી રકમ જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરી શકાશે.

(૮) તેઓએ સરકારશ્રીએ વખતો વખત ઠરાવેલા નિયમો મુજબ ગુજરાતી અથવા હિન્દી અથવા બન્ને પરીક્ષાઓ પ્રવર્તમાન નિયમો અનુસાર પાસ કરવાની રહેશે.

(૯) તેઓએ હાજર થતા પહેલા સામાન્ય વહીવટ વિભાગના તા.૦૩/૧૨/૧૯૮૬ના પરિપત્ર ક્રમાંક:સીડીઆર/૧૧૮૬/યુઓ/૨૨૪૪/ગ.૨ મુજબ સોગંદ લેવડાવવાના રહેશે. તે મુજબ સોગંદ લીધા બાદ તેઓને હાજર કરશે.

(૧૦) ઉપર દર્શાવેલ શરતો ઉપરાંત તેમની આ નિમણૂક અંગે હવે પછી જે શરતો લાગુ કરાય, તે શરતો પણ તેઓને બંધનકર્તા રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ચૈતન્ય નિમાવત)
નાયબ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

(૧) સુશ્રી સુશ્રી સોનલબેન પંકજભાઇ ગામિત, મુ.ધોલીઉમર, નીચલુ ફળીયુ, વ્યારા, જિ.તાપી (વ્યારા)-૩૯૪૬૫૫. (BY RPAD)

(૨) સુશ્રી હેતલબેન ભરતલાલ દુધરેજીયા, સિવિલ હોસ્પિટલ બી-૬, ક્લાસ-૩ ક્વાટર્સ, નડીયાદ, જિ.ખેડા-૩૮૭૦૦૧ (BY RPAD)

(૩) સુશ્રી કલ્પનાબેન ગણેશભાઇ ચૌહાણ, ટાઢાની વાડી, સોનાવાલા હોસ્પિટલની પાછળ, સાળંગપુર રોડ, બોટાદ. (BY RPAD)

<u>નકલ જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે રવાના:-</u>

(૧) માન.મંત્રીશ્રી (મ.બા.ક)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૨) માન. રા.ક. મંત્રીશ્રી (મ.બા.ક)ના અગંત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૩) સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર. (પત્ર દ્વારા)

(૪) કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી,૨૦-ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૫) નિયામકશ્રી(આઇસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦-ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, ભાવનગર મહાનગરપાલિકા, જિ.ભાવનગર.

(૭) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, જિ.ભાવનગર/ડાંગ.

(૮) વિભાગીય નાયબ નિયામકશ્રી, રાજકોટ/અમદાવાદ/વડોદરા/સુરત.

(૯) પ્રોગ્રામ અધિકારીશ્રી (આઈસીડીએસ), જિલ્લા પંચાયત, જિ.ભાવનગર/ડાંગ.

(૧૦) પ્રોગ્રામ અધિકારીશ્રી (આઈસીડીએસ), ભાવનગર કોર્પોરેશન, જિ.ભાવનગર.

(૧૧) એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.

(૧૨) મહાનિર્દેશકશ્રી, સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા (સ્પીપા), અમદાવાદ.

(૧૩) જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ભાવનગર/ડાંગ.

(૧૪) પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.

(૧૫) નિવાસી લેખાધિકારીશ્રી, ગાંધીનગર

(૧૬) સીસ્ટમ મેનેજર, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર વેબસાઇટ ઉપર મુકવા સારૂં.

(૧૭) નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ

(૧૮) શાખા સિલેકટ ફાઇલ.

# <u>સોગંદનામાના પત્રનો નમુનો</u>

"હું.................................................................................................

સોગંદ લઉ છું/પ્રતિજ્ઞા કરૂ છું કે હું ભારતને અને કાયદાથી સ્થાપિત થયેલા ભારતના સંવિધાનને વફાદાર રહીશ અને સાચી નિષ્ઠા રાખીશ તથા વફાદારી, પ્રામાણિકતા અને નિષ્પક્ષતાથી મારા હોદ્દાની ફરજો અદા કરીશ."

તારીખ:

સ્થળ :

અધિકારીની સહી :

અધિકારીનું નામ અને હોદ્દો :

# બાંહેધરી પત્રક

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા બાળ વિકાસ યોજના અધિકારી(મહિલા), વર્ગ-૨ની જગ્યાએ ભરતી કરવા સારૂ યોજાયેલ સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે બાળ વિકાસ યોજના અધિકારી(મહિલા), વર્ગ-૨ની જગ્યાએ મહિલા અને બાળ વિકાસ વિભાગની તા............... ની અધિસૂચના ક્રમાંક : ................................ થી અજમાયશી બાળ વિકાસ યોજના અધિકારી(મહિલા), વર્ગ-૨ તરીકે મારી નિમણૂકનો હુકમ મને આપવામાં આવેલ છે તેના ફકરા-૪માં જણાવેલ શરત મુજબ હું નીચે સહી કરનાર ......................................................................... પી.એસ.સી ક્રમાંક : .................... આથી લેખિત બાંહેધરી આપું છું કે, સામાન્ય વહીવટ વિભાગના તા.૧૬-૦૧-૬૯ અને તા.૧૨-૦૧-૭૦ના પરિપત્રો ક્રમાંક : પીએસી-૧૦૬૮-૬૫૬૪-જી, તેમજતા.૧૯-૦૯-૧૬ ના ઠરાવ ક્રમાંક :વીસીએ/૧૦૨૦૧૬/૪૨૯૫૪૭/ગ-૨ માંની જોગવાઈ અનુસાર અજમાયશી બાળ વિકાસ યોજના અધિકારી(મહિલા), વર્ગ-૨ તરીકેની મારી નિમણૂક નિયમાનુસાર આવશ્યક તબીબી તપાસ તેમજ ચારિત્ર અને પૂર્વવૃત્તાંત અંગેની પોલીસ તપાસને આધીન રહેશે, તે મને સ્વીકાર્ય છે. તે વિના મને અજમાયશી બાળ વિકાસ યોજના અધિકારી(મહિલા), વર્ગ-૨ની જગ્યા ઉપર તદન હંગામી અને કામચલાઉ ધોરણે આપવામાં આવેલ આ નિમણૂકના અનુસંધાને ત્યારબાદ તબીબી તપાસ અને પોલીસ તપાસ કરાવતાં જો તે સંતોષકારક નહી જણાય અગર તેમાં કંઈ વાંધાજનક હશે તો મને આપવામાં આવેલ હંગામી નિમણૂક કોઈપણ જાતની નોટીસ આપ્યા વિના અને કોઈપણ જાતના કારણો દર્શાવ્યા સિવાય સમાપ્ત કરવામાં આવશે, તે મને સ્વીકાર્ય છે.

૨ અજમાયશી બાળ વિકાસ યોજના અધિકારી(મહિલા), વર્ગ-૨એ રાજયપત્રિત અધિકારીઓ માટેના પ્રવર્તમાન પૂર્વસેવા તાલીમાંત પરીક્ષા તથા ખાતાકીય પરીક્ષા નિયમો મુજબ પૂર્વ સેવા તાલીમાંત પરીક્ષા નિયત સમય મર્યાદામાં પસાર કરવાની રહે છે અને જો હું નિયત સમયમર્યાદામાં તથા તકમાં આ પરીક્ષા પસાર કરી શકીશ નહીં તો મારી સેવા ઉકત નિયમોમાં દર્શાવ્યા મુજબ સમાપ્ત કરવામાં આવશે, તે જાણી સમજીને આ નિમણૂક સ્વીકારૂ છું, અને આ શરત મને સ્વીકાર્ય તથા બંધનકર્તા છે.

૩. વધુમાં ગુજરાત મુલ્કી સેવા કોમ્પ્યુટર કૌશલ્ય તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ના નિયમ-૯ ની જોગવાઈ મુજબ અજમાયશી સમય દરમ્યાન સી.સી.સી.+ ની પરીક્ષા પાસ કરવાની રહે છે. અન્યથા મારો અજમાયશી સમય લંબાવી શકાશે અને તે સમય દરમ્યાન પણ જો હું આ

પરીક્ષા પાસ કરીશ નહીં તો ઉકત નિયમોમાં દર્શાવ્યા મુજબ મારી સેવા સમાપ્ત કરવામાં આવશે. અને ઉકત પરીક્ષા પાસ કર્યે મને સેવામાં પરત લેવામાં આવશે, તે જાણી સમજીને આ નિમણૂક સ્વીકારૂ છું અને આ શરત મને સ્વીકાર્ય તથા બંધનકર્તા છે.

૪. અજમાયશી સમય દરમ્યાનની મારી સેવા સંતોષકારક નહી જણાય તો અજમાયશી સમય દરમ્યાન કોઈપણ નોટિસ આપ્યા વગર તાત્કાલિક અસરથી મારી નોકરીનો અંત લાવવામાં આવશે. તે હું જાણી, સમજીને આ નિમણૂક સ્વીકારૂ છું તથા આ શરત મને સ્વીકાર્ય અને બંધનકર્તા છે.

રાજયપત્રિત અધિકારીની સાક્ષીની રૂબરૂમાં

..............................................

ઉમેદવારની સહી અને તારીખ

(૧) સહી : ........................................

નામ : ...........................................

હોદ્દો : ..............................................

કચેરી:.........................................

(૨) સહી : ........................................

નામ : ..................................................

હોદ્દો : ..................................................

કચેરી : ..................................................

સ્વીકારવામાં આવ્યું.

........................................

# APPENDIX-IV
(See Rule-13)
## SECURITY BOND

Know all men by thes presents that I...............................a candidate selected for appointment to the post of ............................ .. in accordance with the rules contained in Government Notification, .................................Department, No. ....................................... dated the ........................................(hereinafter referred to as "the rules") an held and firmly bound up to the Governor of Gujarat exercising the executive power of to Government of the state of Gujarat (hereinafter referred to as "the Government" which expression shall, unless the context otherwise requires, include his successors in office and assigns) in the amount equal to pay and allowances paid to me by Government during my training plus amount prescribed by Government from time to time towards the cost of training imparted to me by the Institute. Being an expenditure incurred by Government on my training and which is to be paid to the Government for which payment, well and truly to be made I bind myself, my heirs, executors, administrators and legal representatives by these presents ........................................................ whereas I am required under the rules to execute a bond for refund to the Government of the amount equal to pay and usual allowances drawn by me during the training in the event of my (a) failure to complete the prescribed training course, or (b) failure to appear in the pre service examination, or (c) failure to comply with any of the provisions of the probation rules, if any, to the satisfaction of Government, or (d) Quitting service before the completion of the period of 3 years from the date of my regular appointment on satisfactory completion of the probation period. Now, the condition of the above written bond is that. if, I dully and faithfully observe and perform the stipulations and condition on my part to be observed and performed as contained in the said rules (which rules shall be deemed to form part of these presents), then the above written bond shall be void, otherwise the same shall remain in full force and effect; Provided that without prejudice to other right or remedies, it shall be open to the Government to recover the amount payable under this bond as arrears of land revenue.

In witness whereof I have here to set my hand this day........................ of ........................ ..................

Signed and delivered by the above named in the presence of :-

Signature

(1) Signature and full address

(2) Signature and full address

SURETY

We ...........................................................................................................................................................
........ and .........................................................................................................................................
Residing at........................in taluka...............  ........ Declare ourselves sureties for the above named..........................................(hereinafter referred to as " the candidate") and guarantee that the candidate shall do and perform all that he has undertaken to do and perform and In case of his (1) failure to complete the prescribed training course or (2) failure to appear in the pre-service examination, or (3) failure to comply with any of the provisions of the probation rules, if any, to the satisfaction of Government, or (4) quitting service before the completion of the period of 3 years from the date of his regular appointment on satisfactory completion of the probationary "period, we hereby bind ourselves jointly and severally to forfeit to the Government of Gujarat exercising the executive power of the Government of State of Gujarat (hereinafter referred to as "the Government") the amount equal to the pay and allowances paid to him by the Government during his training plus amount prescribed by Government from time to time towards the cost of training imparted to him by the Institute. Being an expenditure incurred by Government on his training in which the candidate has bound himself and we agree that the Government may without prejudice to other right or remedies available to the Government recover the said amount from us as arrears of land revenue; and we also agree that any variation of the terms and conditions specified in the said rules will not discharge us from our liabilities to pay the said amount and for the purpose of enforcement of our liability under this agreement, our liability will be joint and several with that of the candidate.

Dated this ........ ..................day of ......................20 Signed and delivered by the said.

Signature of surety

At.... ......................... This..........Day ............................20

Signature of surety.
Full address and occupation.

Signature of surety. Full address and occupation, In the presence of:
Signature, Full address and
occupation of witness:

Signature, Full address and
occupation of witness: